EDII

Navgujarat Samay

January 10, 2024
Page No.6

## માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝિસ સેક્ટરમાં ટેકનોલોજીનો અમલ કરવા આયોજન

# EDII દ્વારા 'ઈન્ફ્યુઝિંગ ટેક્નોલોજી ઈન MSME સેક્ટર' પર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઈ

નવગુજરાત સમય > ગોધરા




આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) એ એમએસએમઈ ક્ષેત્રે નવીનતા અને ટેક્નોલોજીકલ પ્રગતિને પ્રોત્સાહન આપવાના હેતુથી માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (એમએસએમઈ) સેક્ટરમાં ટેકનોલોજીનો અમલ કરવા પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કર્યું હતું.

ભારત સરકારના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (આઈસી સેક્શન) દ્વારા સમર્થિત આ કોન્ફરન્સનું મંગળવારે રિપબ્લિક ઓફ કોરિયાના એમ્બેસડર ચાંગ જે-બોક અને અતિથિ ભારત સરકારના એમએસએમઈ મંત્રાલયના સંયુક્ત સચિવ મર્સી ઈપાઓની હાજરીમાં ઉદ્ઘાટન કરાયું હતું. રસનાના ચેરમેન તથા સીઆઈઆઈ ટાસ્ક ફોર્સના ચેરમેન પિરૂઝ ખંભાતા અને ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

આ ઈવેન્ટમાં ગ્લોબલ આંત્રપ્રિન્યોરશિપ મોનિટરઃ ઈન્ડિયા રિપોર્ટ 2022-23નું વિમોચન પણ થયું હતું, જે દેશના ઉદ્યોગસાહસિક ક્ષેત્રમાં મૂલ્યવાન આંતરદ્રષ્ટિ પ્રદાન કરે છે.

આ પ્રસંગે સંબોધન કરતાં એમ્બેસેડર ચાંગે કોરિયા-ભારત દ્વિપક્ષીય સંબંધોને બળ આપવાં એમએસએમઈની મુખ્ય ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. મર્સી ઈપાઓએ જણાવ્યું હતું કે, "અમે એમએસએમઈ સેક્ટરમાં નવીનતા અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા તરફના બેનમૂન પરિવર્તનના સાક્ષી હોવાથી, હું ઉદ્યોગસાહસિકોને વાઈબ્રન્ટ ઈકોસિસ્ટમ્સ, સહાયક નીતિઓ અને સંશોધન પર ધ્યાન કેન્દ્રિત કરીને ઉપલબ્ધ વિપુલ તકોનો લાભ લેવા પ્રોત્સાહિત કરું છું.

ખંભાતાએ જણાવ્યું હતું કે, "આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપવાનું લક્ષ્ય રાખતા એમએસએમઈ ઉદ્યોગસાહસિકો માટે ઉદ્યોગસાહસિક કુશળતા એ એક મુખ્ય પરિબળ છે. ઉદ્યોગસાહસિકોમાં ઉચ્ચ ઉદ્યોગસાહસિકતા વ્યાપાર ઈકોસિસ્ટમને મજબૂત બનાવે છે, એક સ્થિતિસ્થાપક અને ટકાઉ મોડલ બનાવે છે, આ કોન્ફરન્સ ડોમેનમાં નોલેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા તરફ વૃદ્ધિ માટે એક મોટું પગલું છે. ડો. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, "એમએસએમઈ એકમો તમામ દેશોમાં અર્થતંત્રના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા આવ્યા છે. ભારતમાં વિવિધ લાભદાયી એમએસએમઈ સંબંધિત યોજનાઓ અને નીતિઓ છે અને તે આ ક્ષેત્રને મજબૂત કરવા માટે સતત માર્ગો અને માધ્યમો સ્થાપિત કરવા માંગે છે. કોન્ફરન્સમાં 75 સંસ્થાઓના 200થી વધુ રાષ્ટ્રીય અને 74 આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.